ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવા બાબતનાં પડતર કેસો અંગે કાર્યવાહી કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાક: રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૦૭/૦૫/૨૦૧૮

વંચાણે લીધા :-

(૧) સા. વ. વિભાગનો તા. ૫-૭-૨૦૧૧નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક

(૨) સા. વ. વિભાગનો તા. ૧૩-૧૦-૨૦૧૫નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક

(૩) સા. વ. વિભાગનો તા. ૭-૪-૨૦૧૬નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક

(૪) સા. વ. વિભાગનો તા. ૨૦-૭-૨૦૧૭નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૧૭-યુઓ-૧૦૬(૧૮૦૯૯૫)-ક

## પરિપત્ર

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઉપર સંદર્ભ (૧) પરના તા.૫-૭-૨૦૧૧ના ઠરાવથી રાજય સરકારની વિવિધ સેવાઓમાં ફરજ બજાવતાં નિયમિત કર્મચારીઓ પૈકી ચાલુ નોકરીએ અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓનાં આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ અને તે સંદર્ભ (૨) પરના તા.૧૩.૧૦.૨૦૧૫નાં ઠરાવ (૩) પરના તા. ૭-૪-૨૦૧૬નાં ઠરાવ અને ત્યારબાદ (૪) તા. ૨૦-૭-૨૦૧૭નાં ઠરાવથી તેમાં જરૂરી સુધારા કરવામાં આવેલ જે હાલમાં અમલમાં છે.

રહેમરાહે યોજનાનો મૂળ હેતુ જીવન નિર્વાહના સાધન સિવાય નિરાધાર સ્થિતિમાં મૂકી ચાલુ નોકરી દરમિયાન અવસાન પામનાર કર્મચારીના આશ્રિત કુટુંબના એક સભ્યને રહેમરાહે નિમણૂંક આપી, નાણાકીય ભીંસમાં રાહત આપવાનો અને આવી પડેલી આકસ્મિક કટોકટીને પહોંચી વળવા માટે કુટુંબને મદદ કરવાનો હેતુ છે.

સામાન્ય વહીવટ વિભાગના તા. ૫/૭/૨૦૧૧ ના ઠરાવથી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના આશ્રિત કુટુંબના સભ્યને રહેમરાહે નિમણૂંક આપવાની યોજના રદ કરી, ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની યોજના દાખલ કરવામાં આવેલ છે. ઉકત ઠરાવથી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના આશ્રિત કુટુંબનાં સભ્યને રહેમરાહે

Scanned by CamScanner

નિમણૂંક આપવા માટેની તમામ પડતર અરજીઓ પરત્વે સત્વરે કાર્યવાહી કરી ત્રણ માસમાં ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવી દેવાની જોગવાઈ કરાયેલ છે . પરંતુ સરકારશ્રીનાં ધ્યાને આવેલ છે કે ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવાયેલ ન હોય તેવા પડતર કેસોની સંખ્યા વધારે છે અને હજુ સુધી આવા પડતર કેસો આખરી થયેલ નથી. આમ , ઉચ્ચક નાણાકીય સહાયની યોજના અન્વયે સ્વ.ના આશ્રિતને નાણાકીય ભીંસમાં રાહત આપવાનો અને આવી પડેલી આકસ્મિક કટોકટીમાં પહોંચી વળવા માટે કુટુંબને મદદ કરવાનો હેતુ સાચા અર્થમાં પૂર્ણ થતો નથી.

સામાન્ય વહીવટ વિભાગનાં તા.૫-૭-૨૦૧૧ ના ઠરાવના ફકરા-૪ ની જોગવાઈ મુજબ ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની મંજૂરી સંબંધિત ખાતાના વડાઓએ આપવાની રહે છે. સચિવાલયના વિભાગો હેઠળનાં કેસમાં આવી સહાય સંબંધિત વિભાગે મંજૂર કરવાની રહે છે જે તરફ વિભાગ /ખાતાના વડાનું પુન: ધ્યાન દોરવામાં આવે છે.

આમ, ઉચ્ચક નાણાકીય સહાયના જેટલા પડતર કેસો હોય તેની સમીક્ષા કરી , આવા કેસોનો અગ્રતાના ધોરણે નિકાલ કરવા તમામ વિભાગ /ખાતાના વડાને ભારપૂર્વક જણાવવામાં આવે છે. જે કેસો ફક્ત માહિતીના અભાવે /પૂર્તતા ન થવાના કારણે પડતર હોય તો તેવા કેસોમાં સંબંધિત વિભાગ /કચેરીએ સ્વ.નાં કુટુંબ સાથે સંપર્ક કરી , ખુટતી વિગતો મેળવી , કેસના ગુણદોષને લક્ષમાં લઈ સત્વરે કેસ આખરી થાય તે જોવાનું રહેશે. અલબત્ત અગાઉ જે કેસોમાં અસ્વીકારનો નિર્ણય લેવાયેલ છે તેવા કેસો પુન: ઉખેળવાના રહેશે નહીં.

વધુમાં સંબંધિત વિભાગ અને /ખાતાના વડાની કચેરી ખાતે ઉચ્ચક નાણાકીય સહાયના પડતર કેસોની વિગતો સંકલિત કરી આ સાથે સામેલ પત્રક-૧ મુજબ સામાન્ય વહીવટ વિભાગ -ક શાખાને સત્વરે પુરી પાડવા પણ તમામ વિભાગોને જણાવવામાં આવે છે. ખાતાના વડાની કચેરીની માહિતી સંબંધિત વિભાગે સંકલિત કરવાની રહેશે .

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એ.એચ.મનસુંરી)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

Scanned by CamScanner

ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
•સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
•રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
•સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
•સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
•સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
•સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો. (સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના ધ્યાને લાવવાની સૂચના સહ).
સા.વ.વિભાગની સર્વે શાખાઓ / સર્વે અધિકારીશ્રીઓ.
વિશિષ્ટ ફાઇલ.
વિભાગના સિસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારું.
પત્ર દ્વારા

Scanned by CamScanner

## પત્રક-૧

વિભાગ:-

| ક્રમ | વિભાગ/ખાતાના વડાની કચેરીનું નામ | સામાન્ય વહીવટ વિભાગના તા.૫-૭-૧૧ના ઠરાવ અન્વયે કેટલા કિસ્સામાં સહાય ચૂકવવાની બાકી છે ( ફક્ત સંખ્યા દર્શાવવી ) (તા.૩૦-૪-૧૮ની સ્થિતિએ) | નિકાલ થયેલ કેસોની સંખ્યા | પડતર કેસોની સંખ્યા | સહાય ચૂકવવાની બાકી હોવા અંગેના કારણો (ટૂંકમાં) | અંદાજિત કુલ સહાયની વિગત |
|---|---|---|---|---|---|---|
| અ | વિભાગ ખાતે પડતર કેસોની સંખ્યા | | | | | |
| બ | વિભાગ હસ્તકની ખાતાની કચેરીઓ ખાતે પડતર કેસોની સંખ્યા | | | | | |
| | કુલ | | | | | |

Scanned by CamScanner